પ્રકરણઃ૬: ધ્રુવ ભટ્ટની નવલકથાઓમાં ભારતીયતાનાં પરિમાણો

૬:૧ ભૂમિકાઃ ધ્રુવ ભટ્ટનો સમયસંદર્ભ

૬:૨ ધ્રુવ ભટ્ટની નવલકથાઓનું સંક્ષિપ્ત કથાનક

- ‘અગ્નિકન્યા’
- ‘તત્ત્વમસિ’
- ‘સમુદ્રાન્તિકે’
- ‘અતરાપી’
- ‘કર્ણલોક’
- ‘અકૂપાર’

૬:૩ આ નવલકથાનાં મહત્ત્વનાં ઘટકોઃ

- સમાજ
- પ્રકૃતિરૂપો
- સંસ્કૃતિ

૬:૪ ભારતીયતાનાં તત્ત્વોઃ

- અનેકતામાં એકતા
- માનવતાવાદી વલણ
- સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્ય

૬:૫ સમગ્રલક્ષી ચર્ચા- ભારતીયતાનાં પરિમાણા

પ્રકરણ-:૬: ધ્રુવ ભટ્ટની નવલકથાઓમાં ભારતીયતાનાં પરિમાણો

૬:૧: ભૂમિકાઃ ધ્રુવ ભટ્ટનો સમયસંદર્ભ

ગોવર્ધનરામ ત્રિપાઠી, ર.વ.દેસાઈ, કનૈયાલાલ મુનશી, મનુભાઈ પંચોળી 'દર્શક'ની કેટલીક નવલકથાઓમાં ભારતીયતાનાં તત્ત્વો કેવી રીતે પ્રગટ થયા છે તે આપણે જોયું. પંડિતયુગથી અનુગાંધીયુગ સુધીના આ નવલકથા પ્રવાહમાં પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, સ્વતંત્રતાપ્રાપ્તિનો સંઘર્ષ, રાષ્ટ્રોદ્ધાર, ગુજરાત અને ભારતની અસ્મિતા, ઉદાત્ત પ્રેમતત્ત્વ, કુટુંબ રાજયવત્સલતા અને ભારતીય મૂલ્યોનું વ્યાપક ફલક ઉપર નિરૂપણ થયું છે. તેનો ભાવબોધ વિધવિધરૂપે આપણને થાય છે. ધ્રુવ ભટ્ટ આ પ્રવાહથી સહેજ નિરાળા છે. અનુઆધુનિક સમયમાં તેઓ સર્જન કરતાં લેખક છે. વચ્ચેના સમયમાં આધુનિક ચેતનાનું મોટું મોજું ફેલાયું હતું. એ બધાથી જાણે કે અનભિજ્ઞ રહીને તેઓ પોતાની સર્જનયાત્રા આરંભે છે અને 'સમુદ્રાન્તિકે', 'તત્ત્વમસિ', 'અગ્નિકન્યા', 'અકૂપાર', 'અતરાપી' અને 'કર્ણલાક' જેવી નવલકથાઓ ગુજરાતી સાહિત્યને ચરણે ધરે છે.

ધ્રુવ ભટ્ટની સામે આપણા રાજકીય, સામાજિક પ્રશ્નો છે. વાસ્તવનાં અનેક રૂપો છે. સાંસ્કૃતિક સંક્રમણ અને તેની સાથે સંકળાયેલી સમસ્યાઓ પણ છે. પ્રાદેશિક પરિવેશની સાથે વૈયકિતક પરિવેશના અનેક સ્તરો છે. ગુજરાતી નવલકથાનો આવો પ્રલંબ પટ પણ છે. આવા સાહિત્યિક પરિવેશની વચ્ચે તેઓ પોતાનું સર્જન આરંભે છે. આપણો પૌરાણિક,

સાંસ્કૃતિક વારસો એમની સહાયે આવે છે. તળપદના લોકજીવનને તેઓ નજીકથી પામવા મથ્યા છે અને માનવમનના અંતરંગને ઉકેલવા ભણી ઉદ્યુક્ત થયા છે એમ એમનો સર્જન દોર ચાલે છે.

ધ્રુવ ભટ્ટનો આ સમયસંદર્ભ જોવો એટલા માટે જરૂરી બને છે કે એમના સમયમાં આપણે વૈશ્વિકીકરણની આબોહવા વચ્ચે મૂકાઈ ગયા છે. સંચઝાક્રાંતિએ એનું ગજું કાઢયું છે. સામાજિક, રાજકીય અને અંગત જીવનનાં ધોરણો અને મૂલ્યોમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. જીવનશૈલીથી માંડીને જીવનદર્શન સુધી આ વૈશ્વિકીકરણ અને અન્ય સંસ્કૃતિઓનો પ્રભાવ જોવા મળે છે. માનવીની ખાણી-પીણી, રહેણી-કરણી, વાણી-વર્તનમાં આ પરિવર્તન ત્વરિતપણે ફેલાતું રહ્યું છે. એવા સમયમાં ધ્રુવ ભટ્ટ નવલકથા લેખન આરંભે છે. ત્યારે આ આખા સમયસંદર્ભનું પરીક્ષણ કરવું આવશ્યક બને છે. તેઓ આ પરિબળોથી અસ્પૃષ્ટ નથી પરંતુ એ પરિબળોને તેમણે પોતાના ઉપર હાવી થવા દીધા નથી એ એમનાં નવલકથાવિશ્વમાંથી પસાર થતાં જણાય છે.

૬:૨: ધ્રુવ ભટ્ટની નવલકથાઓનું સંક્ષિપ્ત કથાનકઃ

'અગ્નિ કન્યા'

'અગ્નિકન્યા'માં મહાભારતની ઘટનાના મુખ્ય કેન્દ્રરૂપ દ્રૌપદીના પાત્રને અનુલક્ષીને આ નવલકથા રચી છે.અહીં દ્રૌપદીના જન્મથી માંડીને તેના મૃત્યુ સુધીની ઘટનાઓ કૃતિનો વિષય બની છે. દ્રૌપદીના જીવનની બધી જ ઘટનાઓ અહીં આલેખવી શકય નથી. આથી એના વ્યકિતત્વ અને એના ચારિત્રને ઉઠાવ આપે તેવી ઘટનાઓ, મહત્ત્વના પ્રસંગો અહીં

લેખકે પોતાના આગવા દષ્ટિકોણથી આલેખ્યા છે. એના સ્વયંવરમાં સૂતપુત્ર કર્ણને નહિ વરવાની ઘોષણા કરતી અને કર્ણનું અપમાન કરતી દ્રૌપદી, કુંતીના અજાણતાં ઉચ્ચારાયેલાં વચનોને કારણે ઊભી થયેલી સમસ્યાઓનો પાંચેય પાંડવપુત્રો સાથે લગ્ન કરવાનો નિર્ણય આપી ઉકેલ કરતી, ખાંડવપ્રસ્થનાં વનોને અગ્નિ સમર્પિત કરી ત્યાં ઈન્દ્રપ્રસ્થ વસાવવાની હતોત્સાહ પાંડવોને પ્રેરણા પૂરી પાડતી, સુભદ્રાને શોકયને બદલે સખીરૂપે પોતાના ખંડમાં સત્કારતી, રાજસૂય-યજ્ઞ માટે સક્રિય થવા જતાં યુધિષ્ઠિરને સક્રિય કરતી, દ્યૂતખેલનના નિમંત્રણ સામે વિદુર સાથે દલીલો કરતી, દ્યૂતસભામાં વડીલોને ધર્મપ્રશ્નો પૂછતી, યુદ્ધ માટે સહુને વિશેષ કરીને યુધિષ્ઠિરને ઉશ્કેરતી,યુદ્ધનું પ્રેરકચાલક અને પોષક પરિબળ બની રહેતી, ભીષ્મને તેમના મૃત્યુ નિમિત્ત વિશે સીધો પ્રશ્ન કરતી, પુત્રહત્યારા અશ્વત્થામાને ક્ષમા કરતી એમ દ્રૌપદીના જીવનના કેટલાય મહત્ત્વના અને લાક્ષણિક પ્રસંગોને કથનને બદલે દશ્યરચના વડે સાકાર કરી લેખકે તેનાં વ્યકિતત્વ અને ચરિત્રને મૂર્ત કર્યું છે. આમ, અહીં એમણે દ્રૌપદીના આંતરબાહ્ય વ્યકિતત્વને ઉઠાવ આપ્યો છે. તો કેટલીક ઘટનાઓનું પોતાની રીતે અર્થઘટન કરે છે.

૬:૨: 'તત્ત્વમસિ'

'તત્ત્વમસિ' નવલકથા લગભગ એકાદ દાયકાના અંતરાલ પછી ધ્રુવ ભટ્ટ પ્રગટ કરે છે. અગાઉની જેમ આ નવલકથાનો નાયક વિશિષ્ટ રૂપનો પ્રવાસી છે. મૂળ ભારતીય પણ અઢાર વર્ષ સુધી પરદેશમાં રહીને માનવ સંસાધન વિશે અને અન્ય વિશે સંશોધન કરતો આ નાયક છે. એ પ્રો. રુડોલ્ફની પુત્રી લ્યુસીના પ્રેમમાં છે. પ્રો. રુડોલ્ફ એને આદિવાસીઓની

સંસ્કૃતિના સંશોધન માટે ભારત મોકલે છે. રુડોલ્ફના અતિ આગ્રહને કારણે નાયક કમને ભારત આવે છે. એને યુનિવર્સિટીની જિંદગી અને લ્યુસીનો સાથ બન્ને માંથી એકેય છોડવું નહોતું. છેવટે એ નર્મદા કિનારાના આદિવાસીઓની સંસ્કૃતિના અભ્યાસ માટે ત્યાં પહોંચે છે. આદિવાસી કલ્યાણકેન્દ્રની સંચાલિકા સુપ્રિયા ભારતીને મળીને ત્યાંનું કામ સમજી લેવાની અને પ્રોજેકટના એક ભાગ રૂપે તેના નિરીક્ષણોની કાર્યવાહી ડાયરી રૂપે પ્રો.રુડોલ્ફને અમેરિકામાં નિયમિત મોકલવાની પ્રોફેસર નાયકને તાકીદ કરે છે. મૂળ ભારતીય આ બુદ્ધિવાદી, આધુનિક,આધુનિક કૌશલમાં નિષ્ણાત અને પાશ્ચાત્ય શિક્ષણ તથા સંસ્કારિતાને અત્યંત ગતિશીલ માનતો આ નાયક જયારે ભારતમાં આવે છે ત્યારે એ પોતે બહુ ઝડપથી યંત્રવત્ રૂપે રિપોર્ટ તૈયાર કરીને આ અરણ્યવાસની સજામાંથી શકય એટલી ઝડપે મુકત થવા માંગે છે. એના ગાડીના પ્રવાસ દરમિયાન અને તે પછી એને જે જે લોકો મળ્યા છે, જે પ્રસંગો બન્યા છે, નર્મદા કિનારાના અનેક સ્થળો, અરણ્ય, જાતિઓ, વૃક્ષો અને અફાટ સૌંદર્ય પ્રગટ કરતી વનરાજિ ધીમે ધીમે એની ચેતનાને સંકોરે છે. અને એનું સૂક્ષ્મ રૂપાંતર શરૂ થઈ જાય છે. આદિવાસી લોકો એમની રહેણી-કરણી, એની શ્રદ્ધા-અંધશ્રદ્ધા,માન્યતા, પરિસ્થિતિનો ઉકેલ શોધવાની આ પ્રજાની લાક્ષણિક સૂઝસમજ અને એમ આદિવાસી સંસ્કૃતિનું સતત સાક્ષી બનતો આ નાયક લ્યુસીના પ્રેમમાં છે તો સાથોસાથ સુપ્રિયા ભારતીની કામ કરવાની પદ્ધતિ, એમાં રહેલી માનવતા અને સમ્યક્ સૂઝસમજથી નાયક પ્રભાવિત થાય છે આ ભૂમિની સુંગંધને તે આત્મસાત્ કરતો જાય છે. એમાં ભળે છે ગણેશશાસ્ત્રી, સુપ્રિયા, ગંડુ ફકીર જેવા અનુભવી વ્યકિતઓની પરંપરા અને પ્રગતિશીલતાની વિભાવના બિત્તુબંગા આ કૃતિનું વિશિષ્ટ

પાત્ર યુગ્મ છે. બન્ને ભાઈઓ પાસે શાસ્ત્રજ્ઞાન નથી પણ વ્યવહારનું, અંદરની એક સૂઝનું જ્ઞાન છે. પુરિયા અને કાલેવાલી મા આ નવલકથાના એવાં ધારક પાત્રો છે કે જેના દ્વારા માતૃત્વનો ભાવબોધ આપણને આગવી રીતે થાય છે.

નાયક આ બધામાંથી પસાર થતાં થતાં પોતાના આદિવાસી કેન્દ્રને સ્થાપે છે અને એની સાથોસાથ આ વિરાટ પ્રકૃતિપૂંજના સાન્નિધ્યમાં ભારતીય સંસ્કૃતિના મૂલ્યોને આત્મસાત્ કરતો જાય છે. લ્યુસી જયારે ભારત આવે છે, એને મળે છે. લ્યુસી આ આદિવાસીઓ, એમની સંસ્કૃતિ વગેરેનો અભ્યાસ કર્યા પછી નાયકને પુનઃ અમેરિકા પાછા આવવા માટે જણાવે છે. નાયક પોતાના માહ્યલાના આવાજને અનુસરી લ્યુસીને ત્યાંથી ભાવભરી વિદાય આપે છે અને નર્મદાની પરિક્રમા આરંભીને એમ નર્મદા તટે જ રહેવાનો સંકલ્પ કરે છે. આમ, આ નવલકથામાં લેખકે નાયકના આંતરબાહ્ય રૂપાંતરને પ્રાકૃતિક પરિવેશ,ભારતીય તત્ત્વજ્ઞાન અને ભારતીય સંસ્કૃતિના વિધવિધ રૂપોના સંદર્ભે વ્યકત કર્યું છે.

૬:૨: ‘સમુદ્રાન્તિકે’

એમની નવલકથા ‘સમુદ્રાન્તિકે’નો નાયક અનામી છે. બે વર્ષની પ્રતીક્ષા પછી તેણે અંતરિયાળ પ્રદેશમાં ઉદ્યોગ સ્થાપવા માટે સર્વેક્ષણ કરવાનું છે. સમુદ્ર વિસ્તારમાં એ રેલ સફર કરીને પહોંચે છે. ત્યાં પહોંચતાવેંત એને એ અવિકસિત પ્રાકૃતિક પ્રદેશમાં કેટલા દિવસ રહી શકાશે એવી મૂંઝવણ થાય છે. બંદરના કિનારે આવેલી ખાડી પર ઉતરી એ એની કચેરીએ પહોંચે છે. અને ત્યાંથી એસ્ટેટ બંગલે જાય છે. અહીં એને જાનકી અને એના માતા-પિતાના ઉષ્માભર્યા આતિથ્યનો અનુભવ થાય

છે. આ જાનકીનાં સહજ ઉદ્‌ગારો દ્વારા નાયકના મનમાં આ પ્રદેશની, પ્રદેશના માનવોની સાહજિકતાના બી રોપાય છે. સબૂર સાથે તે એસ્ટેટ બંગલે પહોંચે છે. તે સબૂરની વિલક્ષણતા અને પ્રદેશનો પ્રાકૃતિક પરિવેશ એને આકર્ષે છે. ત્યાં એકદમ આકસ્મિક રૂપે નાયકને અવલનાં દર્શન થાય છે. ત્યાર પછી તો નાયક, નૂરભાઈ, નારણ, મૂખી , ભગત, કૃષ્ણો ટંડેલ, ત્રિક્રમ, દેવકી, બેલી, વિદેશી સાધ્વી, પરાશર, વિષ્ણો વગેરે અનેક પાત્રો, રુક્‌મિપાણો, એકલ્યા હનુમાન અને ભેંસલા જેવા સ્થળ વિશેષને સંદર્ભે પોતાની મોજણીનું કામ કરતાં કરતાં આ સમુદ્ર અને સમુદ્રવાસીઓના નૈસર્ગિક જીવનની અનેક તડકી છાંયડીનો તે સાક્ષી બને છે. સમુદ્રના રુદ્રરમ્ય રૂપો એનાં જીવન વિશેના વિભાવોને સંસ્કારે છે. અને આવા પ્રાકૃતિક વાતાવરણને ઉદ્યોગોની સ્થાપનાથી ખરડી શકાય નહિ. એવી એની લાગણી વધુને વધુ દઢ બને છે. એ દ્વિધા અનુભવે છે. પેલા ભગત પાસે પોતાની આ દ્વિધા રજૂ કરે છે. એમ આ શહેરનો જીવ સમુદ્રના ખોળામાં પૂરો સમુદ્રમય બનતો જાય છે એની આ કથા છે.

અહીં સમુદ્રની ભરતી-ઓટ જેવી લીલાઓનાં રમ્ય રુદ્ર રૂપો અને એને પડછે માનવભાવોનું આલેખન કર્યું છે. તેમાંથી એમની સર્જક દષ્ટિનો પરિચય થાય છે.

૬:૨: 'અતરાપી'

'અતરાપી' નવલકથાનું ભાવજગત એમની અગાઉની નવલકથાઓ કરતાં ભિન્ન છે. પશુપંખીનો ઉપયોગ સાહિત્યમાં એક સક્ષમ પાત્રની ભૂમિકાએ ઘણા સર્જકોએ કર્યો છે. અહીં લેખકે કૌલેયક અને સારમેય નામના શ્વાનપાત્રો સર્જીને એમનામાં રહેલી જન્મજાત વફાદારીના

ગુણો અને તીવ્ર ગ્રહણશકિતનો સર્જનાત્મક વિનિયોગ કર્યો છે. ઉપરાંત અહી સરમા, વિશ્વકદ્રુ, રોમી , કાળો જેવા શ્વાનપાત્રો છે અને માલિક, માલિકણ, પૃથા, સંજય, ગુરુજી, માળી, શિક્ષક, મામદુ, પ્રશાંત આદિ માનવપાત્રો છે. કૌલેયક અને સારમેયના જન્મથી નવલકથાનો આરંભ થાય છે તેઓ બન્ને એક માલિકની પાળેલી કૂતરીના પુત્રો હતા અને તેમનો માલિક બન્નેનાં શિક્ષણની વ્યવસ્થા કરે છે. કૌલેયક મનને મારીને પણ શિક્ષક જે શીખવે છે તે જ શીખે છે જયારે સારમેય મનમોજી છે તે શિક્ષકનો અનાદર કરતો નથી પણ પોતાને અનુકૂળ શિક્ષણ મેળવે છે એને હંમેશા થાય છે કે આ સુસંસ્કૃત જગતને શીખવા માટે શિક્ષકની જરૂર શા માટે પડે છે? શિક્ષક આ બન્ને ભાઈઓને લાલ રંગના ચમકતા બક્કલ વાળા પટ્ટા પહેરાવે છે ત્યારે એમની મા સદ્‌ભાવિની હર્ષથી આશિર્વાદ આપે છે, ‘ખૂબ ભણો, આગળ વધો અને પટ્ટાની લાજ રાખો.’ સદ્‌ભાવિનીના આશિર્વાદમાં રહેલો વ્યંગ ઔપચારિક શિક્ષણની મર્યાદાનો સંકેત કરે છે. જોતજોતામાં કૌલેયક શિક્ષણ મેળવી કહ્યાગરો શિસ્તબદ્ધ કૂતરો બને છે એમ તે તેના માલિકનો માનીતો થાય છે જયારે સારમેય માત્ર સારયેય જ બની રહે છે. એમ કૌલેયક માલિક સાથે ગુરુજીના આશ્રમમાં જઈને શિક્ષિત થાય છે. ગીતા ઉપનિષદના શ્લોકો બોલે છે. સાધક બને છે. પોતાના જાતિ ભાઈઓ માટે જ્ઞાનકેન્દ્ર ખોલે છે. જયારે સારમેય સ્વ અનુભવથી આ જીવનજગતને સમજતો થાય છે. એનો સહજ વિકાસ થતો રહ્યો છે. એ પ્રકૃતિની અનેક ગતિવિધિઓના રસ રહસ્યોને પામવા તત્પર રહે છે ટૂંકમાં કહીએ તો, સારમેય જાત અનુભવથી શીખે છે અને વિકસે છે. એને એમ એની સમજણ પરિપકવ થતી રહે છે. સામાન્ય સમાજના લેખાંજોખાંથી તે અળગો રહે છે. તેથી સૌને માટે અજાણ્યો કે પરાયો રહે છે એ સંદર્ભથી જ

એ ‘અતરાપી’છે. આમ,અહીં નવલકથાકારે કૌલેયક અને સારમેયના જન્મથી આરંભી મૃત્યુ સુધીનું આલેખન કર્યું છે. અનેક નાના-નાના પ્રસંગો અને સંવાદોમાં એને પોતાના તત્ત્વચિંતનને, પોતાની સર્જક દષ્ટિને અહીં પ્રકૃતિ પરિસરને પડછે દર્શાવ્યું છે.

૬:૨: ‘કર્ણલોક’

‘કર્ણલોક’ નવલકથામાં એમણે મહાભારતના કથાઅંશને પોતાના વિષયવસ્તુ રૂપે પસંદ કર્યો છે. કોઈએક શહેરથી દૂર આવેલા અનાથાલયના બાળકોની આ કથા છે. આ બાળકો – પાત્રો અહીં ત્યજાયેલા અને નાની-મોટી ઉંમરના પાત્રો છે. અનાથાશ્રમની પીળી દીવાલની બહાર સાયકલ રિપેરીંગ કરતો એક છોકરો જેનું નામ લેખકે સમગ્ર કૃતિમાં ગુપ્ત રાખ્યું છે એ આખી કૃતિમાં તાણાવાણાની જેમ ગૂંથાઈ ગયો છે. તેર-ચૌદ વર્ષની આશ્રમની છોકરી દુર્ગા એ આ કૃતિનું ધારક બળ છે તે પણ અનાથ છે. પરંતુ તે આ અનાથ છોકરાઓની ‘જગતજનની’ છે, ‘મા’ છે. બાળકો પ્રત્યેના પ્રેમથી પ્રેરાઈને દુર્ગા ચોરી કરે, કબાટનું તાળું તોડે, સંસ્થાને દાનમાં મળેલાં કપડાં સળગાવી મારે, ગૃહમાતાને સોટીથી ફટકારે, એમની આજ્ઞાનું ઉલંઘન કરે, બેફામ બોલે, ઉદ્ધત વર્તન કરે એ બધું જ નિર્ભીક બનીને આત્મવિશ્વાસ પૂર્વક કરે છે. આથી એ આશ્રમનો રસોઈઓ નંદુ એને હંમેશા ‘જગતજનની પરમ મોહિની’ જ કહ્યા કરે છે. આ સાયકલ વાળો છોકરો દુર્ગાની આ બધી રીતરસમો જોઈને જીવનના કેટલાંક સત્યો સમજતો થાય છે. એને પોતે ગૃહત્યાગ કર્યો છે.પોતે સકારણ ઘર છોડયું છે અથવા મામા-મામીને કારણે છોડવું પડયું છે છતાં પોતાને ઘર હતું જ નહિ એ સત્યને સ્થાપવા માટે તે સતત મથે છે. એને કારણે વેદના

અનુભવે છે. જેમાંથી જાગતું એના સ્વાભિમાનનું આળું સત્ય એને સતત ડોલાયમાન રાખે છે. એની પડછે લેખકે દુર્ગા, શેફાલી, રાહુલ, કરમી જેવા પાત્રો અને એના મનોભાવોને જેમ જેમ એ સમજતો જાય છે તેમ તેમ એ પોતાને પણ સમજતો થાય છે. થોડો સમય એ અનાથાશ્રમમાં રહ્યો હતો. એ વિશે જયારે તે સભાન થાય છે ત્યારે એના મનમાં તીવ્ર પ્રતિક્રિયા જાગે છે. પોતે અનાથ નથી એ સંદર્ભે તે મનોમન પ્રતિક્રિયા આપે છે એ પછી પણ એ અનાથાશ્રમથી અળગા રહેવાના પ્રયાસો કરે છે. અને છતાં એ સતત આ પાત્રોની સૃષ્ટિના એમના જીવનના સુખ દુઃખના પ્રસંગોમાં એમના જીવનનો હિસ્સો બની જાય છે.

મહાભારતમાં કર્ણને કુન્તીએ જન્મતા વેંત ત્યજી દીધો. ત્યજાયેલા કર્ણને પાલકમાતા અને સારથીએ ઉછેર્યો તેથી તે રાધેય કહેવાયો, સૂતપુત્ર તરીકે ઓળખાયો અને એને આજીવન અપમાનો સહન કર્યા પોતે સૂર્યપુત્ર હોવા છતાં કુંવારી માતાના કૂખે જન્મ્યો હોવાથી એને વંશ, કુળ કે માતા-પિતાની ઓળખ પ્રાપ્ત થઈ નહીં. આ કથાઅંશને લેખકે પોતાની રીતે અહીં પ્રયોજયું છે. કર્ણ સાથે સંકળાયેલી આ પૌરાણિક કથાને લેખકે અહીં અનાથાલયના પરિવેશના સંદર્ભે ઉપસાવવાનો પ્રયત્ન કર્યો છે.

મૂળ કથામાં કર્ણને વેઠવા પડેલા અન્યાયોનું કારણ એની અનાથ સ્થિતિ નહિ પણ 'હીન' કુળ છે. આ કૃતિમાં અનાથાલયમાં ઉછરતાં બાળકો પણ યેન કેન પ્રકારેણ અન્યાય વેઠે છે. ભલે એ બાળકો દર વખતે એમની માતાની ઈચ્છા વિરુદ્ધ ન જન્મ્યાં હોય ત્યારે અને પાલણપોષણના પ્રબંધ ન થઈ શકવાના કારણે પણ ત્યજી દેવાયા હોય એમ લેખકે આ બન્ને પરિસ્થિતિઓને સહોપસ્થિત કરી છે. કર્ણના સંદર્ભમાં આલેખાયેલી

કુલાભિમાનની વાત આ કૃતિમાં આવે છે. સાત પેઢીના નામ મોઢે રાખતો નાયક છેવટે સૂર્યને અર્ઘ્ય આપતો દર્શાવાયો છે.

૬:૨: 'અકૂપાર'

'અકૂપાર' નવલકથામાં પણ એમણે પૌરાણિક સંદર્ભ પસંદ કર્યો છે. 'અકૂપાર' એ કાચબાનું નામ છે. આ કાચબાનું આયુષ્ય દીર્ઘ છે. ગુજરાતના ગિર પ્રદેશને પોતાની દીર્ઘ સાંસ્કૃતિક પરંપરા છે. લેખક ગિરને 'અકૂપાર'ની જેમ જોવા પ્રેરાયા છે. અહી ગિર એક જીવંત અસ્તિત્વરૂપે આવે છે. એના ખોળામાં રમતાં હરતાં ફરતાં સૌને એમાં પોતાની માના વાત્સલ્યનો અનુભવ થાય છે. એકવાર ત્યાંના દીપડાએ પશુ કે પંખીનો શિકાર કર્યો ત્યારે ત્યાં રહેતા આઈમા એને 'ખમ્મા' કહેવાને બદલે 'ખમા ગય્રને' એમ સૂચવે છે, અર્થાત્ આઈમા આખી ગિરને 'ખમ્મા' કહે છે.

કાર્તિકના એક કલાયન્ટ પાસે બાંધકામનો મોટો પ્રોજેકટ છે. એના સુશોભનનું કામ મિતાને મળ્યું છે. એના ભાગ તરીકે કથાનાયકને પૃથ્વીના વિવિધ તત્ત્વોના ચિત્રો દોરવાનું લાંબા સમયનું કામ મળે છે. એ માટે ગિર અને ઘેડના વિસ્તાર પ્રદેશમાં તે કામ કરવાનું પસંદ કરે છે. ગિર માટે વહીવટી મંજૂરીના કાગળો લઈ ધારી ઊતરીને પાણિયા પાછળ લીલાપાણી ખાતેના નેશમાં જયા આઈમા રહે છે ત્યાં પહોંચવા માટે નીકળે છે. ત્યાં ડંકીએ પાણી ભરતી છોકરી લક્ષ્મી એને આઈમાનાં નેશ સુધી લઈ જાયછે. ત્યાં રસ્તામાં બરાબર વચ્ચે, રમજાના અને સરયુ નામની બે સિંહણ તેમના બે સિંહબાળ સાથે બેઠેલી હોય છે. નાયકને સિંહણોના હુમલાનો ભય લાગે છે પરંતુ લક્ષ્મી તો બન્ને પગેથી ઝાંઝરી રણકાવી સિંહણો ઉપર ઝાંઝરી ફેંકે છે. ઝાંઝરીના રણકાર સાંભળીને અને તેની પાછળ સરયુ જાય છે.

ભયભીત નાયકનો હાથ પકડી છોકરી ત્યાંથી તેને દૂર લઈ જાય છે. બીજી બાજુ આઈમાના નેશ બાજુ જતા આ છોકરી ઈથોપિયાથી પીએચ.ડી. કરવા આવેલી ડોરોથી અને ગિરમાં એના રક્ષણ માટે સાથે ફરનારા ચોકીદાર સાથે ઓળખાણ કરાવે છે.

નાયક એનું કામ આરંભે છે. દરમિયાન એને એહમદ, રવિભા, ધાનુ, બીટગાર્ડ, મુસ્તુફા, સાંસાઈ, આઈમા, દાણાભાઈ વગેરે અનેક પાત્રોનો જુદા જુદા નિમિત્તે પરિચય થાય છે. આ પાત્રોની જુદી જુદી પ્રવૃત્તિઓનો તે સાક્ષી બને છે. દરમિયાન એના ચિત્રો તૈયાર થાય છે. કેટલાંક ચિત્રોનો પ્રાચીન સંદર્ભ અહી એક યુવતી રૂપે આવે છે. એને રવાઆતા વિશે દોરેલા ચિત્રો જોઈને આઈમા પોતે કાપડ પર દોરેલાં ચિત્રો એને બતાવે છે. એની સાથે આ ગીરવાસીઓનો સામાજિક, સાંસ્કૃતિક સંદર્ભ ગૂંથાતો જાય છે અને છેલ્લે ગિરમાં થયેલા અનુભવને અને જાગેલી સમજને આધારે નાયક ધારણા બાંધે છે કે જીવન જ પૃથ્વીનું તત્ત્વ સ્વરૂપ હોઈ શકે. અગ્નિ, આકાશ, જળ,વાયુને ધારણ કરીને સ્વયં પૃથ્વી જ બધાં પ્રગટ સ્વરૂપોને પામે છે અર્થાત્ તેમણે દોરેલાં ચિત્રોને પૃથ્વીના પર્યાય તરીકે માની શકાય. છેલ્લે જયારે મિતા નાયકને પૂછે છે કે,'બીજે કયાંયે કામ મળશે તો કરીશ તો ખરોને?' ત્યારે નાયક કહે છે કે'ગિર મને બીજે જવાની રજા આપશે તો ત્યારે મિતા હસીને કહે છે. 'ખમા ગીરને'! નવલકથાની શરૂઆત અને અંત આજ વાકયથી થાય છે. શરૂઆતમાં આઈમા બોલે છે અને અંતમાં મિતા આમ, મહાભારતના વનપર્વના આ કથાઅંશમાં એમણે ગિરપ્રદેશ જે રીતે પુનઃજીવન્ત થઈ ઊઠયો એ ઘટનાને આ સંદર્ભ સાથે સંયોજીને એનું પોતાની રીતે અર્થઘટન આપ્યું છે.

ધ્રુવભટ્ટની આ નવલકથાઓ વિશે આપણે અહીં સંક્ષિપ્તમાં માહિતી મેળવી. હવે એમાં ભારતીયતાનાં પરિમાણો કેવી રીતે ઊપસ્યા છે. તેની ચર્ચા કરીશ.

૬:૩: આ નવલકથાઓનાં મહત્ત્વનાં ઘટકો: સમાજ

'સમુદ્રાન્તિકે'માં નોકરીની ફરજના ભાગ રૂપે સમુદ્રના પરિસરમાં પહોંચેલો નાયક જયારે એને ફાળવવામાં આવેલા એસ્ટેટ બંગલે જવા નીકળે છે ત્યાં એને જાનકી અને વાલબાઈ જેવા પાત્રોનો પહેલો પરિચય થાય છે. આ વાલબાઈ જયારે એના ઓવરણા લે છે ત્યારે નાયકને થાય છે કે આ અજાણી સ્ત્રી અજાણ્યા માનવીના દુઃખો પોતાને શિર લેવાની ચેષ્ટા કરે છે એની પાછળ શું રહેલું છે. પેલી નાની બાળકી જાનકીને એની ડોલ વિશે પૂછે છે ત્યારે એ નાની બાળકી કહે છે કે " તે લૈ લે ને. આંય તને કોઈના નો પાડે "[૧] શહેરી સભ્ય સંસ્કૃતિમાંથી આવેલા નાયકને જાણે કે આ એક જ તૂકારમાં એનો હોદ્દો, પદવી,એની કેળવણી અને એની સભ્યતા બધું જ જાણે કે સરકી જાય છે અને એ ઘોળિયે સૂતેલા બાળક જેવો બની જાય છે. એને જીવનમાં પહેલી જ વાર શાસન રહિત સ્થિતિનો અનુભવ થાય છે અને એ ખેડૂતની ગરીબડી પુત્રીમાં એને જગત સમગ્રને પોતાના હેતાળ પાલવમાં મુકિતનો અનુભવ કરાવતી શાતાદાઈ, જગતજનનીનું દર્શન થાય છે. પછી ત્યાં વાલબાઈના હાથનું ભોજન લેવાનો સમય આવે છે ત્યારે કહે છે કે **"આંય કાંઈ ખોટ નથ્ય. આ આખું પડું ઉઘાડું પડયું છ. તારે રે'વું હોય ત્યાં લગણ રે'જે."**[૨] નાયકને થયેલો આ પ્રથમ અનુભવ એના ચિત્ત ઉપર ઊંડા સંસ્કાર પાડી જાય છે. ત્યાર પછી એ સબૂર સાથે જાય છે ત્યારે સબૂર પણ એને એવો જ અનુભવ કરાવે

છે. માર્ગમાં થોડો પોરો ખાઈને એ ત્રણ પથ્થરો ગોઠવીને વચ્ચે ઝાંખરા સળગાવીને તાવડી વગરનો ગરમ રોટલો બનાવે છે, અને બન્ને સાથે જમે છે ત્યારે સબૂરે નાયકના નાસ્તામાંથી થોડુંક જ લીધું અને પાણી ભરી લાવ્યો નાયકને થાય છે કે દરિયાનું પાણી પીવાનું અને જયારે તેમને ચાખ્યું ત્યારે એમણે સમુદ્રની પાસે આવું મીઠું જળ સંભવી શકે તેનું બહુ જ આશ્ચર્ય થયું. એસ્ટેટ બંગલે પહોંચ્યાં પછી સબૂર પૈસા લીધા વગર ત્યાંથી ચાલી નીકળે છે અને એમ એ દરિયાના સાન્નિધ્યમાં સીધો મુકાય છે. અહીં એને અવલનો પરિચય પણ લાક્ષણિક રીતે થાય છે આટલી મોટી હવેલી અને કયાંય પણ ધૂળ કચરો કે બાવા જાળાં નહી તો આટલી જાળવણી કોણ કરતું હશે. એમ વિચારે છે. ત્યાં એને દાદરના પગથિયા ઉતરતી પાતળી ઊંચી સ્ત્રી દેખાય છે. જેનો ચહેરો જોયો નથી પણ તમે બૂટ પહેરીને ઉપર ન જશો એવો આદેશ જયારે નાયક સાંભળે છે ત્યારે એને થાય છે. આ સ્થળ મારું છે, મારા અધિકારમાં છે તો આટલી સભ્ય ભાષામાં મને કોણ કહી રહ્યું છે પછી પગી દ્વારા જયારે એને વગર કહ્યે રાતનું ભોજન પ્રાપ્ત થાય છે ત્યારે પણ તેણે આશ્ચર્ય થાય છે. ત્યાર પછી ત્યાં રહ્યો ત્યાં સુધીની જમવાની વ્યવસ્થા અવલ દ્વારા જ થાય છે. આ અવલ એ પણ એને જગતજનનીથી વિશેષ રૂપે ભાષિ છે કેમ કે કોઈપણ પ્રકારના હક દાવા વગર નિરવ્યાજ પ્રેમથી નાયક, એ હવેલીની આસપાસના લોકો, બાળકો, વૃદ્ધો મંદિરનો ભગત, સબૂર, કૃષ્ણ ટંડેલ, વિષ્ણો વગેરેની પણ સાચા અર્થમાં શાતાદાઈની જગતજનની બની રહે છે. એની સાસુના વેણને ટકાવી રાખવા એ પોતાનું પિયર, સંપત્તિ, મોસાળ, એનો દીકરો એ બધાથી દૂર રહીને એ બધાનું સતત ધ્યાન રાખે છે. આ હવેલીની માલિક હોવા છતાં એ હવેલીમાં રહેતી નથી પોતાની ટેકને સાચવવા એ પટવા ગામ પણ જતી

નથી,અને છતાં એ લોકો એમના સુખ દુઃખ એમની સમસ્યાઓ, એમની જરૂરિયાતોને પોતાના ચેતના કોશમાં સાચવીને રાખે છે. અને સહુને સમય આવે યત્કિંશ્ચિત્ સહાય પૂરી પાડે છે. રાવ ફરિયાદનું એના જીવનમાં કયાંય સ્થાન નથી. દરિયાની પ્રત્યેક ગતિવિધિને એ પોતાની અનુભૂતિ અને હૈયા ઉકલતથી બરાબર સમજે છે. આથી જ જયારે દરિયાનું રૂપ રૌદ્ર બનશે એની એંધાણી આવતા એ આસપાસના બાળકોને અને એમને માટે જોઈતી ખાદ્ય સામગ્રીને આગોતરી ભેગી કરી લે છે. અને હવેલીમાં સૌને જીવના જાખમે પણ સાચવીને ઉગારી લે છે. વિષ્ણોને જયારે સર્પદંશ થયો છે એ જાણ્યા પછી સૌથી પહેલી હાથવગી જે સારવાર હોય તે મેળવવા દોડે છે. નાયકના કહ્યાં મુજબ ડોકટર પાસે જવાનું તે ઉચિત માને છે પરંતુ પહેલા તો એ દેશી ઉપચાર કરાવે છે. અને નાયકને પટવા મોકલે છે પણ પોતે જતી નથી. આ અવલના કહેવાથી જ સબૂરને સાવ અનુર્વરા ખડકાળ ભૂમિનો એક પટ્ટો-રુક્મીપાણો અપાય છે, અને સબૂર અને એની પત્ની જે રીતે હરિયાળો બનાવી દે છે એ જોઈને નાયકને એક પછી એક આશ્ચર્યો મળતાં જાય છે. આમ નાયકને સમુદ્ર અને સમુદ્રવાસીઓની વિશિષ્ટ ગુણધર્મીતાનો સાક્ષાત્કાર થાય છે ત્યારે દરેક વખતે એમણે લાગે છે કે ખરેખર માણસ મૂળથી કપાઈ ગયો છે ખરો કેમ કે અહી કોઈ રોકટોક નથી, ચોરીચપાટી નથી, મારું તારું નથી જે છે તે આ મૂળને વળગીને રહેવાની ઉદાત્ત ભાવના છે. નૂરાભાઈ આવું જ વિલક્ષણ પાત્ર છે. સરકારમાં પોતાની સેવાઓ આપ્યા પછી તેઓ એ પ્રદેશમાં જ રહે છે અને પ્રકૃતિદર્શન કરતાં કરતાં પ્રકૃતિમય બની ગયા હોય એવો એમનો ઋજુ વ્યવહાર રહ્યો છે. દૂધરાજને જોવાની એની ઉત્કંઠા એટલી પ્રબળ છે અને એવો જ ભાવ એ નાયકના ચિત્તમાં પણ જગાડે છે. દૂધરાજના દર્શન માટે

એ આખું આયખું આપવા તૈયાર છે. કૃષ્ણ ટંડેલ સાક્ષાત્ દરિયાનું સંતાન છે. એ નાયકને શ્યાલબેટ જોવાની ઈચ્છા તે પૂરી કરે છે. પત્નીના એક બોલ ઉપર તે અતિદુર્ગમ એવા ભેંસલે જઈને એની માનતા પૂરી કરે છે. પેલો સાધુ બાવો મહત્ત્વનું પાત્ર છે. એ દૂર મંદિરમાં એકલો રહે છે, એને જોઈને નાયકને થાય છે કે, આવું એકધાર્યું જીવવું ગમે ખરું બાવાએ ગુજરાતી-હિન્દી મિશ્રિત ભાષામાં કહ્યું : **"કયા એકલા ને એકધારા? દેખ, યે જો સમંદર હૈ, મૈંને ઉસે એકહી રૂપમેં કભી નહી દેખા યે હરપલ નયા રૂપ લેતા હૈ. યે પથ્થર હૈ. યે રાસ્તા, પેડ, પૌધે, યે મિટ્ટી, યે સબ જો ઈસ પલમેં હૈ અગલે પલમેં વહી હોંગે કયા? દોસ્ત, પ્રકૃતિ એક હી રૂપ ફિરસે કભી નહી દિખાતી. હંમેશા બદલતી રહેતી હૈ."**[૩] આટલી સહજ વાણીમાં બાવાજીએ જીવનનું સત્ય સમજાવી દીધું. આ બધા પાત્રો જાણે કે કર્મવાદી છે. એ બાવાજીની અગમ વાણીનો મર્મ નાયક સમજતો નથી પરંતુ જયારે દરિયાએ રૌદ્ર રૂપ ધારણ કર્યું ત્યારે નાયકને એની શકિતનો પરિચય થાય છે. દરિયાની ભરતીના પાણી સાથે તણાઈ આવેલા વીંછીને જયારે નાયક પોતાના બૂટથી મારી નાખવાની તૈયારી કરે છે ત્યારે અવલ બોલી ઊઠે છે **"એવું ન કરશો અત્યારે આપણે આશરે છે એના ઘરમાં પાણી ભરાઈ ગયા હશે."**[૪] આ સાંભળીને નાયકને અવલની ઋજુતાનો અનુભવ તો થાય છે જ પણ એની જીવન પ્રતિની પ્રતિબદ્ધતા પણ અનુભવાય છે.

૬:૩: પ્રકૃતિરૂપો

પ્રાકૃતિક પરિવેશમાં તળપદું જીવન જીવતી અને પોતીકા જીવનમૂલ્યો અને સંસ્કારો સાથે જીવતી ત્યાંની પ્રજાકીય ખમીર નાયકને પોતાને સોંપાયેલી ફરજ અંગે પુનઃવિચાર કરવા પ્રેરે છે. રસાયણીક ઉદ્યોગો આ

પર્યાવરણને કેટલું નુકસાન પહોંચાડશે તેનાથી એ વ્યથિત થઈ જાય છે. જયારે એ આ સમુદ્રતટના જીવનને એની સમગ્રતામાં અનુભવે છે ત્યારે જ એને સ્વાર્થ માટે જીવતી નગર સંસ્કૃતિ અને પરમાર્થ માટે જીવતી લોકસંસ્કૃતિનો ભેદ અનુભવાય છે. આ અનુભવે આ પ્રજાની એમની નવી ઓળખ કરાવી છે. સમુદ્રના સાન્નિધ્યમાં જીવતી આ પ્રજાની દરિયાદિલીના અનેક રૂપો અને ભાવવિવર્તોમાં ભારતીય સંસ્કાર અને ભારતીયતાનાં અનેક અંશો ચરિતાર્થ થતાં અનુભવાય છે.

'તત્ત્વમસિ'માં નર્મદાતટની ગ્રામસૃષ્ટિની કથા છે. આગળ જોયું છે તેમ નાયક આદિવાસી સમાજ સંસ્કૃતિનો અભ્યાસ કરવા નર્મદાતટના લોકો સુધી પહોંચ્યો છે. 'સમુદ્રાન્તિકે'ના નાયકની જેમ આ પણ નગરસંસ્કૃતિનો જીવ છે. આ બન્ને નાયકો પોતાની ઈચ્છાથી જે તે પ્રદેશમાં કાર્ય અર્થે પહોંચ્યા નથી. આથી શરૂઆતમાં બન્નેના મનમાં કચવાટ છે. આ ગ્રામ્ય-લોકસૃષ્ટિના લોકો, તેમની જીવનશૈલી, વાણી-વર્તન, પ્રાકૃતિક પરિવેશના પ્રત્યક્ષ સાક્ષી બનતા આ નાયકોના હૃદય અને ભાવ રૂપાંતરણની આ કથાઓ બને છે. 'સમુદ્રાન્તિકે'માં બંગાળી બાવો છે એના જ ગોત્રનો તત્ત્વમસિનો ગંડુ ફકીર છે. ઠંડી,તાકાત અને માનવપ્રેમથી છલકાતા હૈયાવાળી અવલની જેમ અહી આદિવાસીઓની વચ્ચે રહીને તેમની સેવા અને તેમનું નેતૃત્વ દાખવતી, આધુનિક ટેક્નોલોજીનો સંપર્ક ધરાવતી સુસંસ્કારી છતાં નિર્ભીક સુપ્રિયા છે. ઉપરાંત બિત્તુબંગા, ગુપ્તાજી, ગણેશશાસ્ત્રી, પાર્વતી મા વગેરેના કાર્યો હંમેશા આ આદિવાસી સમાજને કેન્દ્રમાં રાખીને થતાં રહ્યાં છે. બિત્તુબંગા તો આ સંસ્કૃતિને સદેહે જીવતાં પાત્રો છે. એમનાં જીવન અને કાર્યો આદિવાસી સંસ્કૃતિની

સુવાસને સતત પમરાવતા રહે છે. ગણેશશાસ્ત્રી અને ગુપ્તાજી વચ્ચેનો સંવાદ ભારતીય સંસ્કરા મૂલ્યોના દ્યોતક છે. કાલેવાલી મા અને ગંડુ ફકીર દેખીતી રીતે અંધશ્રદ્ધાના પર્યાય લાગે પરંતુ નાયકને થયેલા અકસ્માત વખતે, પેલા આદિવાસીને ત્યાં મહુડો ગટગટાવતા ગંડુ ફકીરને જોઈને, અને સંગીત સમારોહમાં શાસ્ત્રીયગાનની ઉત્કટ રજૂઆત કરતાં ગંડુ ફકીરમાં રહેલા કલાકારનું દર્શન જયારે નાયકને થાય છે ત્યારે એને આ આદિવાસી સંસ્કૃતિમાં રહેલા ઋતનો ભાવબોધ થાય છે. પરકમ્માવાસીઓ પ્રત્યેની સુપ્રિયા અને આ આદિવાસીઓની સમર્પણ ભાવના નાયકને જીવનનું એક નવું રહસ્ય સમજાવે છે. - **“કે, પોતે પોતાનું કાર્ય નિભાવવાનું છે. જે સંસ્કૃતિમાં જન્મ્યા અને ઊછર્યા તે સંસ્કૃતિનું ઋણ સ્વીકારીને તે નિભાવવાની પ્રતિબદ્ધતા જ મને આકર્ષે છે.”**[૫] અહી સુપ્રિયાનું આ દર્શન સીમાચિહ્નરૂપ નીવડયું છે.

પ્રો. રુડોલ્ફ એમની ભારતયાત્રા દરમિયાન ભારતીય સંસ્કૃતિથી બહુ પ્રભાવિત થયા હતા. નાયકને આદિવાસી સમાજ અને સંસ્કૃતિ વિશે સંશોધન માટે મોકલવાનો તેમનો આગ્રહ કદાચ એ માટે જ વધારે એમની દીકરી લ્યુસી દેશ-વિદેશની સંસ્કૃતિઓનો અભ્યાસ કરે છે. એણે ભારતયાત્રા દરમિયાન ભારતીય સંસ્કૃતિનો અભ્યાસ કર્યો પરંતુ રુડોલ્ફ અને લ્યુસીના અભ્યાસના અભિગમમાં ભિન્નતા હતી.રુડોલ્ફ ભારતીય સંસ્કૃતિના મૂળ સુધી જવાનો અભિગમ દાખવતા હતા. જયારે લ્યુસીનો અભિગમ ઔપચારિક હતો. આથી લ્યુસી આ નર્મદાતટના આદિવાસીઓ એમની સંસ્કૃતિનું દર્શન સુપ્રિયા અને નાયકની સાથે રહીને કરે છે પરંતુ એ અહીના માનવીઓને અંદરથી ચાહી શકી નથી. તેનું કામ પૂરું થતાં તે

ત્યાંથી વિદાય લેવા માંગે છે અને નાયક ધીમે ધીમે એ પરમ સૌંદર્યમય પ્રકૃતિને અને તેના માનવીઓને અનહદ ચાહવા માંડયો હતો. આદિવાસીઓની જીવનનિષ્ઠા, પરમાર્થતા અને સચ્ચાઈમાં તેમણે "હું નહિ પણ સર્વત્ર તુજ છે" એનું અભિજ્ઞાન થાય છે. આવુ અભિજ્ઞાન એને ગંડુ ફકીર અને લ્યુસીના સંવાદો દ્વારા થાય છે. : **"તું ઈસ પત્તેકા રૂપ લે સકતી હૈ? લ્યુસી પત્તા યા ડાલી ભી બન શકે તો પેડ જરૂર લુસી બન જાયેગા. યે પ્રતિજ્ઞા હૈ પેડકી. યહી વચન હૈ નદીકા, આકાશકા, હર ચીજકા. જીસે તુમ બેજાન સમજતે હો વે સબ હમસે કઈ જયાદા જિન્દા હૈ!"** [૬]

આમ, અરણ્યવાસી બનીને વિવિધ પ્રસંગો અને વિવિધ માણસોનું સાક્ષાત્કાર કરતો આ નાયક જયારે વાર્તાના અંતે પેલી બાલિકા લે ખાય લે કહીને મકાઈનો ડૂંડો આપે છે ત્યારે એને એ બાલિકામાં સાક્ષાત્ નર્મદાનું દર્શન થાય છે. અર્થાત્ 'આપી દે' અને 'ખાઈ લે' વચ્ચેની એની આખી આ યાત્રામાં એનું રૂપાંતર થઈ ચૂકયું છે. આ પ્રાકૃતિક પરિવેશમાં પરમતત્ત્વ સાથે એ એકત્વ અનુભવે છે.

'અગ્નિકન્યા'માં પૌરાણિક પાત્રો અને ઘટનાઓમાં વિશેષ તો દ્રૌપદીને કથાને તેમણે પસંદ કરી છે તે આપણે આગળ જોયું છે. મહાભારતમાં કૃષ્ણ, કૃષ્ણા-દ્રૌપદી, કુંતી અને કર્ણ એ ચાર પાત્રો વચ્ચેના સંબંધો વિલક્ષણ રહ્યાં છે, અને કંઈક અંશે રહસ્યમય પણ. તેમણે અહીં દ્રૌપદી અનુસંગે કેટલીક મહત્ત્વની ઘટનાઓ જ પસંદ કરી છે. દ્રૌપદીના આંતરબાહ્ય વ્યકિતત્વને ક્રમશઃ વિકસાવતા જઈને આ પાત્રનું પોતાનું અર્થઘટન દ્વારા ઉઠાવ આપ્યો છે. પ્રાચીન-અર્વાચીનને સાંકળીને એને

વર્તમાનને અનુરૂપ અર્થઘટન રજૂ કર્યું છે, ત્યારે એ રીતે ભારતીય સમાજ અને સંસ્કૃતિના કેટલાંક અંશો ઊપસાવવાનો તેમનો પ્રયત્ન રહ્યો છે.:

"વર્ષો પછી ફરી એ જ વનો, એ જ રસ્તાઓ, એ જ આશ્રમો વચ્ચે થઈને દ્રૌપદી ચાલી......કશું યથાવત્ ન હતું છતાં કશું બદલાયેલું પણ ન હતું."[૭] આ સમયના બિંદુઓની વચ્ચેની આ અગ્નિ કન્યા બરફના ઢગલા તળે શાંત થઈ જાય છે.

'અતરાપી'માં કૌલેયક અને સારમય એવા જાતવાન કૂતરીના પુત્રોના મેટાફર દ્વારા એમને પોતાનું કથારૂપ રચ્યું છે. બન્ને કૂતરાની એકમેકથી તદ્દ્ન ભિન્ન પ્રકૃતિ છે, 'યાન્તઃ પ્રવિશ્ય મમ વાચમિમાં પ્રસુપ્તામ્' જેવાં શ્લોકનો મધુર ધ્વનિ આ બે ગલૂડિયાઓ જન્મતાની સાથે જ સાંભળે છે અને પછી ધીમે ધીમે તેમને માટે આ દશ્ય જગત ઉઘડે છે. આગળ આપણે જોયું છે તેમ આ બન્નેને શિક્ષણ આપવામાં આવે છે. કૌલેયક આજ્ઞાકિતની જેમ શિક્ષણ લઈને વિકાસ સાધે છે પણ સારમેયને એવા પુસ્તકિયા શિક્ષણમાં રસ નથી તે તો પોતાને ગમતી રીતે શિક્ષણ પસંદ કરે છે આ બે વિરોધોને વચ્ચે લેખકે આપણા શિક્ષણની યાંત્રિકતા એમ નિરર્થકતા દર્શાવી છે. આ પ્રકારનું જ્ઞાન એ બંધનથી વિશેષ કશું નથી એવો સારમેયનો સહજ જવાબ સૂચક નીવડે છે. સારમેયનો પટ્ટો એક સ્ત્રી ઢીલો કરે છે અને તે તદ્દ્ન મુકત થાય છે. જયારે કૌલેયકનો અહમ્ એને સતત બાંધ્યા કરે છે અને આ આમ બંધનમુકિતની કથા બની છે. કૌલેયક ઔપચારિક શિક્ષણ મેળવીને જ્ઞાની બને છે અને સારમેય અનુભવથી જ્ઞાની બનતો જાય છે, નિઃસ્પૃહી થતો જાય છે,ક્રમશઃ મુકત થાય છે અને આશકિત વિના જીવન જીવે છે, કાર્યો કરે છે અને અંતે મોક્ષ પામે છે.

જીવનમાં કશું પણ સમજવું હોય તો મનુષ્યે જાતે અનુભવવું પડે છે એ વાત આ કૃતિમાં જુદી જુદી રીતે, જુદી જુદી અવસ્થાઓ દ્વારા વણાતી આવી છે. આમ અહી 'બહુત્વ' અંતે 'એકત્વ'માં પરિણમે છે.

'કર્ણલોક'માં 'અગ્નિકન્યા' ની જેમ મહાભારતના કથાંશને કથાનક રૂપે સ્વીકાર્યું છે. કથા નાયક છોકરાની ગૃહત્યાગની જે ઘટના છે તેનું લેખકે સહેજ જુદું અર્થઘટન કર્યું છે. પોતે ઘરેથી ભાગ્યો નથી સકારણ ઘર છોડયું છે એવું તે સતત વિચારે છે અથવા એના સ્વમાનની ભાવનાને અડપાવા દીધા વિના તે એવું સ્થાપિત કરવા મથે છે કે પોતાને ઘર હતું જ નહિં. આવો આ છોકરો અનાથાશ્રમની દીવાલની બહાર સાયકલ રિપેરીંગનું કામ કરે છે. ત્યારે સતત એવું માને છે કે પોતે આશ્રમમાં રહેતો નથી. યોગાનુંયોગ જયારે એને આશ્રમમાં રહેવું પડે છે ત્યારે પણ પેલું એનું સ્વાભિમાન એને સતત કોચે છે. એ આશ્રમની દુર્ગા નામની તેર ચૌદ વર્ષની છોકરી આખા આશ્રમમાં રહેતાં બાળકો પ્રત્યેના પ્રેમથી પ્રેરાઈને જે કાર્યો કરે છે એમાંથી નહી એ જોઈને તથા હોસ્પિટલમાં ત્યજાયેલી નવજાત બાળકીને પોતાનું દૂધ પાઈને ઉછેરનાર હુસ્ના મંદબુદ્ધિ બાળકને અપનાવનાર અને પછી અપંગ મોહિન્દરને ઉછેરનાર મહેરા, ટ્રેનના સહપ્રવાસી માજી, રોઝમ્મા વગેરે પાત્રો દ્વારા જયારે એ માતાની ત્યજાયેલી બાળકી પ્રત્યે કરુણા અને સમર્પણ ભાવનો મહિમા સમજે છે. ત્યારે એને સ્ત્રીમાં પડેલા માતૃત્વના રૂપોનું દર્શન થાય છે. દુર્ગાના કાર્યો એની પડછે મૂકાતા રહ્યાં છે, અને એમ આ 'કર્ણલોક' આપણી સમક્ષ રચાતો આવે છે. મહાભારતના કર્ણને વેઠવા પડેલા દુઃખોનું કારણ અનાથપણું નહિ પણ હીનકુળ છે. જયારે અહી કોઈકને કોઈ કારણે ત્યજી દેવાયેલા સામાજિક

અન્યાયનો ભોગ બનેલા અને સામાજિક સ્વાસ્થ્ય સામે અનેક પ્રશ્નો ઊભા કરતાં આ 'કર્ણલોક' બંધાય છે.માનવજાતિના સાંસ્કૃતિક વિકાસમાં સામાજિક ન્યાય અને સમાનતાનું મૂલ્ય કેટલું અનિવાર્ય છે તે અહી અભિવ્યકત થયું છે.

૬:૩: **સંસ્કૃતિ સંદર્ભ**

ભારતીય સંસ્કૃતિમાં પ્રત્યેક સજીવનું મહિમાગાન જોવા મળે છે. મનુષ્યની જેમ પ્રકૃતિ, નદી, પર્વત, વૃક્ષો, સ્થળચર, જળચર વગેરેનું સ્થાન આ સંસ્કૃતિમાં સમાન છે.'અકૂપાર'માં આપણને આ સૂર સંભળાય છે.ગીર પ્રદેશની આખી સૃષ્ટિ અહી પ્રત્યક્ષ થાય છે. 'અકૂપાર'નો નાયક એક પ્રોજેકટ લઈને અહી આવ્યો છે. એ નિમિત્તે એ ગિરનું ભ્રમણ કરે છે. ગિર અને તેની પ્રજાની ઓળખ મેળવતો જાય છે તેમ તેમ એ જાણે કે ગિરમય બનતો જાય છે, એને દોરેલા ગિરના ચિત્રો કેવળ ચિત્રો નથી પરંતુ ગિર અને સાગરતટ સુધીના તમામ ભૂપૃષ્ઠ સાથે સંયોજાયને 'અકૂપાર' અકૂપારની કક્ષાએ મૂકાય છે. મહાભારતમાં આવતા આ ચિરંજીવ કાચબાનું પ્રતીક એનાં નવા અર્થઘટન સાથે પ્રગટ થાય છે. સાંસાઈ નામની વનબાળા, આઈમા જેવાં પાત્રો આ પ્રતીકને વધારે મજબૂત બનાવે છે. માનવપાત્રોની સાથે સિંહ- સિંહણ, હરણ, પર્વત, નદી, વૃક્ષો,પશુ-પંખી-ભૂચર-ખેચર એ બધાં જ અહી'ખમા ગય્રને'માં વ્યકિત નહિ પણ આખું ગિર પ્રદેશ આ લોકોના જીવનનું ધારક બળ બને છે. રઘુવીર ચૌધરી કહે છે તેમ "લોકની કથા શ્લોક બને છે."[૮] ગિર જંગલ અને ઘેડ દરિયા વિસ્તારનું પર્યાવરણ અને તેમાં રહેતા માણસોના વર્તમાન સમાજજીવન,

સામાન્ય માણસોની ખુમારી અને સ્વભાવ, તેમની સામે રહેલા પડકારો, તથા વ્યકિતગત મથામણોને નવલકથાના સ્વરૂપે રજૂ કરાયેલ છે.

ધ્રુવ ભટ્ટની ઉપર જોયેલ નવલકથાઓમાં ભારતીયતાનાં તત્ત્વો આ રીતે આલેખાયા છે. એમની બધી નવલકથાઓમાંથી પસાર થતાં આપણને જણાય છે કે, એમણે મુખ્યત્વે પૌરાણિક કથાઘટક કે કથાંશ અને પ્રકૃતિના તત્ત્વોને પોતાની કૃતિઓનાં આલંબન બનાવીને નવલકથાઓ રચી છે. અહીં મારી ચર્ચાનો ઉદ્દેશ ભારતીયતાનાં તત્ત્વો છે તેથી મેં સ્વરૂપ કે કળાતત્ત્વને બદલે ભારતીયતાના આ તત્ત્વો કેવી રીતે ઊપસે છે અથવા એ તત્ત્વો નવલકથામાં કેટલાં કાર્ય સાધક અને સમર્પક નીવડયાં છે તે રાખ્યો છે.

૬:૪: ભારતીયતાનાં તત્ત્વોઃ અનેકતામાં એકતા, માનવતાવાદી વલણ,સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્ય

ધ્રુવ ભટ્ટની નવલકથાઓમાં મુખ્યત્વે 'સમુદ્રાન્તિકે' અને 'તત્ત્વમસિ'માં પ્રવાસનું નિમિત્ત છે. એ પ્રવાસ કે ભ્રમણ નિમિત્તે નાયકો, સ્થળ, પાત્રો એના કાર્યો,એમની જીવનશૈલી,પ્રાકૃતિક પરિવેશનો સાક્ષાત્કાર કરે છે. 'સમદ્રાન્તિકે'ના પાત્રોને સમદ્ર જીવનનાં અનેક મર્મોનો બોધ થયો છે.. અવલ, વાલબાઈ, બેલી, ગોરી સાધવી જેવા સ્ત્રી પાત્રો સાક્ષાત્ અન્નપૂર્ણા રૂપે છતાં થાય છે. નૂરભાઈ "...ને જિંદગાની પૂગે ન્યાં લગણમાં જો દૂધરાજ ભાળી લંઈ તો અલ્લાની કુદરત થઈ જાય ....એક પરિંદુ ઊડે ને આખો મૂલક જીવતો થઈ જાય, ઈ કાંય ઓછો જાદુ છે?"[૯] ની હૃદય ઝંખના અને સમગ્ર પૃથ્વી પર કોઈપણ મનુષ્ય એકલો જ રહેતો નથી.

પ્રકૃતિ એની સમીપે હાજર જ હોય છે એમ માનનાર બંગાળી બાવાનું જીવનદર્શન ભારતીયતાની દ્યોતક બને છે. સમુદ્રતટે વસનારી પ્રજાનો એકબીજા પ્રત્યેનો અતૂટ વિશ્વાસ, પ્રેમભાવ અને મૈત્રીભાવના એમનું જીવનભાથું છે. જે ભારતીય સંસ્કૃતિના પરિચાયક બને છે એમાં આ લોકોની ધાર્મિક આસ્થા ભળે છે, એની સાથે નાયકની બધી જ તાર્કિકતા રૂપાંતરિત થઈ જાય છે. આ સમુદ્રતટના ઉદ્દાંત પ્રાકૃતિક સૌંદર્ય નાયકની ચેતનાના મૃતાંત સૌંદર્યવાન બનાવી દે છે. આ સૌંદર્યને વધુ ઊપસાવે છે આ લોકસંસ્કૃતિના વાહકોના સંસ્કારો અને જીવનમૂલ્યો. ડૉ. નરેશ વેદે સમુચિત પણે નોંધ્યું છે તેમ, **“હવે જાણે કે એ સંસ્કૃતિ વિદાય લઈ રહી હોય એમ લાગે છે. ત્યાં છેલ્લાં થોડાં વર્ષોથી ‘હુન્નરખાન’ ની ચડાઈ થઈ રહી છે. અંબુજા, ટાટા, રિલાયન્સ, એસ્સાર જેવી કંપનીઓના સિમેન્ટ, કેમિકલ્સ વગેરેના પ્લાન્ટ સ્થપાતા જાય છે. યંત્રોદ્યોગી આધુનિક સભ્યતાના આ આક્રમણથી દરિયાવ દિલ અને ગુણસંપત્તિ ધરાવતી ત્યાંની પ્રજાના જીવનમાં જે પરિવર્તન આવી રહ્યું છે તેને લક્ષ્ય કરીને ધ્રુવ ભટ્ટ ‘સમુદ્રાન્તિકે’ લખી છે.”**[૧૦]

‘તત્ત્વમસિ’માં જળ તત્ત્વ –નદી રૂપનો નાયકને થતો સાક્ષાત્કાર છે. આપણી સંસ્કૃતિનું આદિમતત્ત્વ જળ છે. એ જળનું સમદ્રરૂપ પ્રમાણમાં વિરાટ રોદ્રરૂપ અને અહીં જળનું નદીરૂપ – પ્રમાણમાં ઋજુરમ્યરૂપ એમણે દર્શાવ્યું છે. આ જળના વ્યકત અવ્યકત રૂપો દશ્ય-અદશ્ય-પરિદશ્ય રૂપો અહીં સમયતત્ત્વનું આલંબન લઇને રૂપાંતરણની પ્રક્રિયાના ઉદ્દ્ભાવક બન્યા છે.દશ્ય અને દષ્ટા એકત્વ સાધે અને એ એકત્વની પ્રતીતિ આપણા ભારતીય સંસ્કારોમાં વ્યાપ્ત છે. એનું કથારૂપ આ નવલકથા બને છે.

૬:૫: સમગ્રલક્ષી ચર્ચા-ભારતીયતાનાં પરિમાણો:

અહીં હજારો વર્ષોથી આ દેશ અનેક ભિન્નતાઓ, વિરોધો, પ્રશ્નો, સમાનતાઓ, અસમાનતાઓ, વિવાદો વચ્ચે એક અને અખંડ રહી શકયો છે. એની સંસ્કૃતિએ આ દેશની પ્રજાચેતનાને પોષી છે, એનું રહસ્ય શું એમ જયારે નાયક વિચારે છે ત્યારે એ ભારતીયતત્ત્વની ગવેષણા કરતો હોય એમ જણાય છે. આ કૃતિમાં લેખકે પૂર્વ અને પશ્ચિમના સામાજિક સંદર્ભોની પડછે ભારતીયતા ઊપસાવી છે. આ ભારતીયતામાં પરંપરાગત વિદ્યાઓ, પરંપરાઓ, પરિક્રમા, વ્રતો, ઉત્સવો, નૃત્યોનો સહજ રૂપે સમાવેશ થઈ જાય છે. એમ કહી શકાય કે ભારતીયતા એ કોઈ ધર્મ કે સંપ્રદાય નથી એ એક જીવનશૈલી છે. લોકજીવન અને લોકસંસ્કૃતિના ધબકારમાંથી ઉદ્ભવતી આ ભારતીયતાનો સાક્ષાત્કાર થાય છે.

'અગ્નિકન્યા', 'અતરાપી', 'કર્ણલોક', અને 'અકૂપાર'માં લેખકે પૌરાણિક કથાસંદર્ભોનો યુકિત પૂર્વક વિનિયોગ કર્યો છે. 'કર્ણલોક' અને અનાથાશ્રમનું વિશ્વ 'અગ્નિકન્યા'માં દ્રૌપદીનાં આંતરબાહ્ય વ્યકિતત્વ અને પ્રજાજીવનમાં ધર્મસ્થાપનામાં સ્ત્રીની ભૂમિકા, 'અતરાપી'માં શિક્ષણ-સંસ્કારની યંત્રવત્ અવસ્થા અને તેની વિતથતા અને ચિરંજીવ કાચબાનું પૌરાણિક કથાનક- 'અકૂપાર' અને ગિરની ચિરંજીવતાની સહોપસ્થિતિમાં ભારતીયતાનાં તત્ત્વો ગૂંથાયેલા આપણે જોયાં.

ધ્રુવ ભટ્ટ પોતાની નવલકથાના પાત્રોને પરિવ્રાજક રાખે છે, મોટેભાગે એ પાત્રોનું જે રીતે સ્થળ, સમય, પરિસ્થિતિ અને પરિવેશ સંદર્ભે રૂપાંતર થાય છે. એની પ્રક્રિયાનો અહીં ભાવબોધ કરાવ્યો છે. પ્રકૃતિ, સંસ્કાર, જીવનમૂલ્યો, જીવનશૈલી વગેરે આ પ્રક્રિયામાંથી પમાય

છે, અને એમ એમને ઉદ્દિષ્ટ ભારતીયતાનાં પરિમાણો પ્રગટે છે. એમાં નારીપાત્રોનું યોગદાન નોંધપાત્ર છે.

ભારતીય માનસ, ભારતીય લોકમાનસ, ભારતીય પરંપરાઓ અને ભારતીય ચેતનાનો આ નવલકથાઓમાં જે ગૂંફ રચાયો છે. એમાંથી આ ભારતીયતા સ્ફુરે છે.

સંદર્ભસૂચિઃ

૧. ભટ્ટ, ધ્રુવ, 'સમુદ્રાન્તિકે', ગૂર્જર ગ્રંથ રત્ન કાર્યાલય, અમદાવાદ, પુર્નમુદ્રણ-૨૦૦૬, પૃ-૫

૨. એજન, પૃ-૬

૩. એજન, પૃ-૩૩

૪. એજન, પૃ-૧૩૯

૫. ભટ્ટ, ધ્રુવ, 'તત્ત્વમસિ', ગૂર્જર ગ્રંથ રત્ન કાર્યાલય , અમદાવાદ, પુર્નમુદ્રણ-૨૦૦૫, પૃ-૨૦૩

૬. એજન, પૃ-૧૮૯

૭. ભટ્ટ, ધ્રુવ, 'અગ્નિકન્યા', ગૂર્જર ગ્રંથ રત્ન કાર્યાલય , અમદાવાદ, બીજી આવૃત્તિ-૨૦૧૦, પૃ-૨૫૧.

૮. ચૌધરી, રઘુવીર, 'અતરાપી', દિવ્યભાસ્કર, 'વિશેષ', ઓગષ્ટ-૨૦૧૦.

૯. ભટ્ટ,ધ્રુવ, 'સમુદ્રાન્તિકે', ગૂર્જર ગ્રંથ રત્ન કાર્યાલય, અમદાવાદ, પુર્નમુદ્રણ-૨૦૦૬, પૃ-૨૬

૧૦. વેદ,નરેશ,'કથાયોગ'પાર્શ્વ પબ્લિકેશન,અમદાવાદ,પ્રથમ આવૃત્તિ-૨૦૦૦,પૃ-૧૧૧